રાજ્યની તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓમાં ધોરણ-૦૯ થી ધોરણ-૧૧
માં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭૪/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૩/૦૭/૨૦૨૧

વંચાણે લીધા :

૧. શિક્ષણ વિભાગનો તા:૧૪/૦૭/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨. તા.૨૨/૦૭/૨૦૨૧ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કોર કમીટીની બેઠક

પરિપત્ર :

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૧૪/૦૭/૨૦૨૧ના ઠરાવથી રાજયની તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૨ના તમામ પ્રવાહોમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય ચાલુ રાખવા સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૨૨/૦૭/૨૦૨૧ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કોર કમીટીની બેઠકમાં રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૦૯ થી ધોરણ-૧૧માં તા.૨૬/૦૭/૨૦૨૧થી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ કરવા બાબતે નિર્ણય લેવામાં આવેલ છે.

જે અન્વયે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે:

(4) ઓફલાઇન/પ્રત્યક્ષ શિક્ષણ કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થીઓ માટે મરજીયાત રહેશે તથા જે વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ ઓફલાઇન/પ્રત્યક્ષ શિક્ષણ કાર્યમાં ન જોડાય તેવા વિદ્યાર્થીઓ માટે અગાઉની જેમ ઓન લાઇન શિક્ષણની વ્યવસ્થા વર્તમાનમાં ચાલુ રાખવાની રહેશે. પ્રત્યક્ષ શિક્ષણકાર્ય માટે વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી આ સાથે સામેલ નમુનામાં લેખિત સંમતીપત્ર મેળવવાનું રહેશે.

(5) વર્ગ ખંડોમાં ૫૦% ક્ષમતાની મર્યાદામાં એકાંતર દિવસ (**Alternate day**) મુજબ વિદ્યાર્થીઓને વર્ગખંડ શિક્ષણ માટે બોલાવવાના રહેશે તેમજ વર્ગખંડોમાં કોઈ પણ બે વિદ્યાર્થીઓ વચ્ચે પર્યાપ્ત અંતર/ **Social Distancing** નું અચૂકપણે પાલન કરાવવાનું રહેશે. વધુમાં, સમયાંતરે નિયમિતપણે વર્ગખંડનું યોગ્ય સેનેટાઈઝેશન કરવાનું રહેશે તથા સંસ્થાના પરિસરમાં હેન્ડ વૉશિંગ/સેનેટાઇઝેશન પોઇન્ટ પૂરતા પ્રમાણમાં રાખવાના રહેશે.

(6) શાળાના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ફેસ માસ્ક ફરજીયાત યોગ્ય રીતે પહેરવાનું રહેશે તેમજ **COVID-19** સંદર્ભે ઉચિત વર્તણૂક (**Covid Appropriate Behaviour**)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉપર્યુક્ત સૂચનાઓ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને શિક્ષણ વિભાગ દ્વારા અન્ય સૂચનાઓ પ્રસિધ્ધ ન થાય ત્યાં સુધી લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.સી.પટેલ)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્રરહસ્ય સચિવશ્રી, બ્લોક નં. ૪, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિ બોર્ડ મારફતે)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી, પ્રા.શિ. મારફતે)
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ

૧૮

વાલી/માતા-પિતાનું નામ

______________________

સરનામું______________

______________________

મો. નં.______________

તા.______________

પ્રતિ,

આચાર્યશ્રી,

શાળાનું નામ :______________________

સરનામું:______________________

જિલ્લો:

વિષય: મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવા અંગે સંમતિ આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P.(સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરુ કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. મારો પાલ્ય/પુત્ર/પુત્રી (નામ)______________________ આપની શાળામાં ધોરણ-____માં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતાપિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે મોકલવાની હું સંમતિ આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી દ્વારા સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી શાળામાં માસ્ક પહેરીને આવે તેમજ પાણીની બોટલ, નાસ્તો વગેરે ઘરેથી લઈને આવે અને અન્ય સાથે તેની આપ-લે ન કરે તે અંગે તેમને અમોએ સમજ આપેલ છે. મારા પરિવારમાં કોઈ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો તેમજ મારું નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળામાં નહિ મોકલું તેની ખાત્રી આપું છું.

આપનો વિશ્વાસુ

(સહી)

(નામ)